દાખલ તારીખ : ૧૦.૦૩.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૦.૦૩.૨૦૨૬
નિર્ણય તારીખ : ૧૬.૦૩.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૬

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૧૧૪/૨૦૨૬**
**આંક–**

**લાલજીભાઈ કાલુભાઈ પરમાર,**
ઉ.વ.આ.૪૫, ધંધો.ખેતીકામ,
રહે.જરગાલી સીટી,
ઘોકાદર સીમની બાજુમાં, ગીર ગઢડા
હાલ રહે. જીલ્લા જેલ જુનાગઢ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એ.એમ.પરમાર
શ્રી સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળા

---

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી ::**

**:: ચૂકાદો ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગીરગઢડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૧૨૬૦૦૯૦/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટ 8(C), 20(b)(ii)(B) મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો રજુ કરેલ છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એ.એમ.પરમારની દલીલ છે કે, ગીરગઢડા પોલીસે ૧૧ કિલો ૯૩૬ ગ્રામ ગાંજાના છોડ અરજદાર પાસેથી પકડેલ છે, તેવો

આક્ષેપ છે. એન.ડી.પી.એસ.ની કલમ–૫૦ અને ૪૨ નો ભંગ કરેલ છે. આરોપીના અટક મેમોની કોપી, સીઝરમેમોની કોપી આપેલ નથી. મુદ્દામાલ અમારી પાસેથી પકડાયેલ નથી. મુદ્દામાલ બનાવ સ્થળે સીઝ કરેલ નથી. પોલીસ સ્ટેશનેલાવીને સીલ કરેલ છે. સીઝરમેમોમાં પંચોની સહી નથી. પાંદડા છોડ ગાંજો કહેવાય નહી બધુ ભેગુ વજન કરેલ છે રેઈડ ઈલલીગલ છે. સ્મોલ કવોન્ટીટીનો ગાંજો છે. અરજદાર, સ્થાનીક રહેવાસી છે. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ પાલન કરવા તૈયાર છીએ જેથી જામીન ઉપર છોડવા વિનંતી છે અને મેન્ડેટરી જોગવાઈના ભંગ સંબંધે જુદા–જુદા ચુકાદા રજૂ કરેલ છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, નિયમ અનુસાર કાર્યવાહી કરેલ છે. ત.ક.અમલદારે તમામ જોગવાઈઓનુ પાલન કરેલ છે. એસ.ઓ.જી.એ રેઈડ કરેલ જેની સી.ડી. સામેલ રાખેલ છે. રેઈડ અંગેની વિડીયોગ્રાફી કરેલી છે. રજુ કરેલ અટકમેમોમાં પંચોની સહી છે. ઈ સાક્ષી એપથી રજુ કરેલ છે. અટકમેમાો સહી છે. જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો તથા ત.ક.અમલદારશ્રીનુ સોગંદનામું ધ્યાને લેતા, એ હકીકત ફલીત થાય છે કે, આરોપીની માલીકી કબજાના ખેતરમાં ગાંજાનુ વાવેતર કરેલ હોય તેવી માહીતી મળતા તા.૧૦.૦૨.૨૦૨૬ ના રોજ ૧૯:૫૫ કલાકે બાતમી મળતા જરગલી ગામના પાટીયેથી બે કિલોમીટર દુર કાચા રસ્તેથી અંદર એક કિલોમીટર દુર ૨૧:૦૦ કલાકે પહોંચેલ ત્યાં મકાનની બાજુમાં આવેલ જમીન/ખેતર હતુ ત્યાં રેઈડ કરતા ગાંજાનુ વાવેતર જોવા મળેલુ. જે કબજે કરવામાં આવેલ અને રાત્રીનો સમય હોય લાઈટનુ અજવાનુ ન હોય આ મુદ્દામાલ પાંચ કિલોમીટર દુર ગીરગઢડા પોલીસસ્ટેશને લાવવામાં આવેલ અને ત્યાં વજન કરી સીલ કરવામાં આવેલુ. જેનુ વજન ૧૧ કિલો ૯૩૬ ગ્રામ થયેલ. આમ, આરોપી/અરજદારના કબજા ભોગવટાવાળી મિલકતમાથી ગાંજાનુ વાવેતર મળી આવેલુ છે. અરજદારના વિ.વ.શ્રીની એવી દલીલ છે કે, એન.ડી.પી.એસ.એકટની આજ્ઞાકારી જોગવાઈઓનુ પાલન થયેલ નથી. એન.ડી.પી.એસ.એકટની કલમ–૪૨ અને ૫૦ નો ભંગ થયેલ છે. સીઝરમેમોમાં આરોપીની સહી લેવામાં આવેલ નથી અને

આ સંબંધે તેણે હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટના જુદા જુદા ચુકાદાઓ પર આધાર રાખેલ છે કે મેન્ડેટરી જોગવાઈઓનો ભંગ થતો હોય તો આરોપીને છોડી મુકવા જોઈએ. તપાસના કાગળો રજુ થયેલ છે જે મુજબ સીઝરમેમો અને એરેસ્ટમેમોમાં પંચો અને આરોપીઓની સહી છે. જેથી આરોપીના વિ.વ.શ્રીની ઉપરોકત દલીલ સ્વીકારી શકાય તેમ નથી અને જયારે ગાંજાનુ વાવેતર મળી આવેલ હોય ત્યારે છોડ સહીત વજન કરવુ પડે અને તેમાથી ગાંજાની વ્યાખ્યામાં આવે તેવા પુષ્પો વગેરે અલગથી તારવી સર્ચ દરમ્યાન અલગ વજન થઈ શકે નહી અને જો અલગ કરવામાં આવે તો ગાંજાના છોડ કેટલા અને કેટલા વજનના મળી આવેલ તેવી સાચી હકીકત રજુ થઈ શકે નહી. તપાસ કરનાર અમલદારની રજુઆત મુજબ ઈ સાક્ષી એપથી સર્ચ અને સીઝરની કાર્યવાહી કરવામાં આવેલ છે. વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવેલ છે જેની પેનડ્રાઈવ બનાવેલ છે. એન. ડી. પી. એસ. એકટની આજ્ઞાકારી જોગવાઈઓનું પાલન થયેલ છે કે નહી અને કેટલે અંશે ઉલ્લંઘન થયેલ છે, તે પુરાવાનો વિષય છે જે જામીન અરજીના તબકકે નકકી થઈ શકે નહી. આરોપીના મકાન સાથે જોડાયેલ જમીનમાંથી ગાંજાનું વાવેતર મળી આવેલ હોય, અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ઃઃ આખરી હુકમ ઃઃ

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઈમેઈલ દ્વારા કરવી.

આજરોજ આ હુકમ તા.૧૬મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
JIGNESH JAGDISHCHANDRA
PANDYA
on 16/03/2026 11:45:20 IST.

તા.૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬

k.r.a.

k.r.a.